# સોનગઢના ખડકાચીખલીમાં બીજા દિવસે વધુ એક ખેડૂત પર દીપડાનો હુમલો

**ખેતરમાં** લાકડાં કાપી રહેલા વૃદ્ધ પર એકાએક હુમલો કરતાં હાથ-ગળાના ભાગે ગંભીર ઇજા

**અંધારું** થતાં જ કરફ્યુ જેવો માહોલ, લોકો દૂધ ભરવા અને ખેતરે જવાનું પણ ટાળી રહ્યા છે



વ્યારાઃ સોનગઢના ખડકાચીખલી ગામે દીપડાએ ગત તા.૧૨મી મેના રોજ રાત્રે બાઇકચાલક પર હુમલો કર્યા પછી ફરી આ જ સ્થળે માત્ર ૨૦૦ મીટરના અંતરે તા.૧૩મી મેના રોજ સવારે સાતેક વાગ્યાના અરસામાં ખેતરમાં લાકડાં કાપી રહેલા લીમજીભાઈ રામજીભાઈ ગામીત (ઉં.વ.૬૫) પર દીપડાએ હુમલો કર્યો હતો. દીપડાના હુમલાથી લીમજીભાઈ ગામીતના હાથ-ગળાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. સળંગ બે દિવસના ઉપરાછાપરી થયેલા દીપડાના હુમલાને લઈ ગ્રામજનો ભયભીત છે. કેટલાક તો રાત્રિ દરમિયાન દૂધ ભરવાનું અને ખેતરે જવાનું ટાળી રહ્યા છે. અંધારું થતાં જ અહીં કરફ્યુ જેવો માહોલ સર્જાય છે. દીપડાથી ગ્રામજનોને ભયમુક્ત કરવા હાલ ગામમાં પાંજરું મૂકી દીપડાને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વ્યારા ટાઉનને અડીને તેમજ ભરચક વસતીવાળા ગ્રામીણ વિસ્તારમાં દીપડાના આતંકની ઘટનાએ પંથકમાં ચકચાર મચાવી છે.





# ભરૂચ જિલ્લામાં મિનિ વાવાઝોડામાં 1750 હેક્ટરમાં ખેતીનો ઊભો પાક નષ્ટ

**સરકારનો** સરવે, આંબામાં 677 અને કેળમાં 878 હેક્ટરમાં નુકસાન થયું, સહાયની જાહેરાત કરાશે

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં ભર ઉનાળામાં ત્રણ દિવસ સુધી થયેલા મીની વાવાઝોડા અને માવઠાએ ખેતીપાકોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. જિલ્લા ખેતીવાડી અને બાગાયત વિભાગે કરેલા સરવે મુજબ કુલ 28,820 હેક્ટર ઉનાળુ વાવેતરમાંથી 1750 હેક્ટરમાં પાક નુકસાન થયું છે. ભરૂચ જિલ્લામાં સૌથી વધારે આંબા 677 હેક્ટર અને કેળમાં 878 પાકોમાં ભારે નુકસાન થયું છે. જો કે, મીની વાવાઝોડાને લઈને સરકારના બાગાયતી વિભાગે અગાઉ ભરૂચથી લઈને વલસાડ સુધીમાં એકાદ લાખ હેક્ટર આંબામાં અંદાજે 35 ટકા પાકને નુકસાન થયાનો અંદાજ કાઢ્યો હતો.

ભરૂચ જિલ્લામાં ખેતીવાડી વિભાગની 55 ટીમે અંકલેશ્વર-ભરૂચ સહિત સમગ્ર જિલ્લામાં છ-સાત દિવસ સુધી સરવે કર્યો હતો. સર્વે દરમિયાન જાણવા મળ્યું કે, આંબા અને કેળના પાકને સૌથી વધુ નુકસાન થયું છે. કુલ વાવેતર વિસ્તારના 33 ટકા વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. ભરૂચ જિલ્લામાં અંદાજે 2956 હેક્ટરમાં આંબાવાડીનું વાવેતર અને કેળાંને અંદાજે 10730 હેક્ટર થયું છે. સરવે દરમિયાન હાંસોટમાં 19.66 હેક્ટર, સૌથી વધુ અંકલેશ્વરમાં 312, ઝઘડિયામાં 38, ભરૂચમાં 208, જંબુસર 44 અને નેત્રંગમાં 45 હેક્ટર આંબાને નુકસાન થયું છે. જ્યારે કેળમાં અંકલેશ્વરમાં 127 હેક્ટર અને સૌથી વધારે ઝઘડિયા તાલુકામાં 742 હેક્ટરમાં નુકસાન થયું છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી કુલદીપસિંહ વાળાએ જણાવ્યું હતું કે, સરવે રિપોર્ટ રાજ્ય સરકારને મોકલી દેવામાં આવ્યો છે. આગામી સમયમાં સરકાર નુકસાન પામેલા ખેડૂતો માટે સહાયની જાહેરાત કરશે.

# લગ્ન બાદ પતિ બીજી સાથે ભાગી ગયો, બે વર્ષે પાછો ફર્યો ને ત્રીજી સાથે લગ્ન કર્યાં!

**ભરૂચમાં** પત્નીને ગર્ભ ન રહેતાં હેરાનગતિ, બીજા લગ્ન કરનાર પતિ સહિત સાસરિયા સામે ગુનો દાખલ

ભરૂચઃ પત્નીને ગર્ભ નહીં રહેતા બીજા લગ્ન કરી લીધા હોવાની જાણ થતાં પતિ સહિત પાંચ સાસરિયા વિરુદ્ધ મહિલાએ ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ મહિલા પોલીસમથકમાં અંકલેશ્વરના જીતાલીની સિલ્વર સિટીમાં રહેતી 32 વર્ષીય સમિતાકુમારી રાવે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે, 15 વર્ષ અગાઉ તા.10-5-2010ના રોજ અમિતકુમાર રાવની સાથે તેણીનાં પ્રેમલગ્ન થયાં હતાં. લગ્ન બાદથી જ બંને અંકલેશ્વરમાં સારંગપુર-આત્મીય સોસાયટીમાં રહેતાં હતાં. અગાઉ 2016ના વર્ષમાં પણ તેનો પતિ દીપા નામની છોકરી સાથે રાજસ્થાન ભાગી ગયો હતો અને બે વર્ષ દીપા સાથે રહીને પરત આવ્યો હતો. જે સમયે સમાજની રાહે સમાધાન થયું હોવાથી બંને પતિ-પત્ની રાબેતા મુજબ રહેવા લાગ્યાં હતાં. બાદ પંદર વર્ષથી સમિતાકુમારીને ગર્ભ નહીં રહેતાં સંતાન પ્રાપ્તિ ન થતાં ફરિયાદી ઉપર પતિએ તથા સાસરિયા અસહ્ય ત્રાસ ગુજારતા હતા. તા.1 જાન્યુઆરી, 2025ના રોજ સાસરિયા બિહાર રહેવા માટે ગયાં હતાં. જ્યાં તેણીના પતિએ મહેક શાહ નામની સ્ત્રી સાથે બીજા લગ્ન કરી લીધા હોવાની જાણ થઈ હતી.

સમિતાકુમારીને તેના પતિએ ફોન પર કહ્યું હતું કે, તું તારા બાપ પાસે જ રહેજે, મારે તારી જરૂર નથી. મેં બીજા લગ્ન કરી લીધાં છે. તારે જ્યાં જવું હોય ત્યાં જા. મારે તને રાખવી નથી. તારે જ્યાં પણ ફરિયાદ કરવી હોય ત્યાં કરી દેજે. અમને કોઈ ફરક પડવાનો નથી તેમ કહી ગાળો બોલી ફોન મૂકી દીધો હતો. સમિતાકુમારીએ પછી સાસુને તા.20મી માર્ચ, 2025ના રોજ ફોન કર્યો હતો. ત્યારે સાસુ ગીતાદેવીને ફોન કરીને કહ્યું હતું કે, તમે મહેકને તમારા ઘરમાં કેમ રાખો છો, તો તેઓએ ગાળો ભાંડી હતી અને કહ્યું હતું કે, મારા દીકરાએ બીજા લગ્ન કરી લીધાં છે.

બીજી બહુ વધારે પૈસાવાળી છે. તારી હવે અમને તારી કોઈ જરૂર નથી તેમ કહી તરછોડી મૂકતાં આખરે પત્નીએ ન્યાય મેળવવા ભરૂચ મહિલા પોલીસમથકના શરણે પહોંચી તમામ પુરાવા સાથે પતિ અમિતકુમાર વાસુકીપ્રસાદ રાવ, સાસુ ગીતાપ્રસાદ વાસુકીપ્રસાદ રાવ તથા સસરા વાસુકીપ્રસાદ રાવ અને દિયર સુમિતકુમાર વાસુકીપ્રસાદ રાવ (તમામ રહે.,બિહાર) તથા પતિએ જેની સાથે બીજા લગ્ન કર્યા છે તે સ્ત્રી મહેક શાહ (રહે.,દમણ) વિરુદ્ધ હેરાનગતિ અને માનસિક ત્રાસ આપતા ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે સાસરિયાની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉછરેલ મોરી ગ્રામ પંચાયતના વધુ એક સભ્યને હોદ્દા પરથી દૂર કરાયા

**વોર્ડ** નં.6ના મંગા હળપતિ સામે દારૂ વેચાણના બે કેસ નોંધાયા હતા

બારડોલીઃ બારડોલીની ઉછરેલ મોરી ગ્રામ પંચાયતના વધુ એક સભ્યને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. દારૂના બે ગુનામાં તકસીરવાર થતાં તેને સજા થઈ હોય ઉપસરપંચ દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે સભ્યને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીની ઉછરેલ મોરી ગ્રામ પંચાયતમાં વોર્ડ નંબર 6 માંથી ચૂંટાયેલા મંગાભાઈ ઠાકોરભાઈ હળપતિ સામે વર્ષ 2023 અને 2024માં ગેરકાયદેસર દારૂ વેચાણના બે અલગ અલગ કેસ થયા હતા. બંને કેસમાં કોર્ટે તેને સજા અને દંડનો હુકમ કર્યો હતો. આ મામલે ઉછરેલ મોરી ગ્રામ પંચાયતના ઉપસરપંચ બળદેવભાઈ હરિભાઈ માહ્યાવંશી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને અરજી કરી સભ્ય પદેથી દૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જે રજૂઆતને ધ્યાનમાં લઈ ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 57(1) હેઠળ તેમના હોદ્દાને ન છાજે તેવું શરમજનક કૃત્ય કરવા બાબતે સુરત જિલ્લા વિકાસ અધિકારીએ તા.18/3/2025 થી તેમના હોદ્દા પરથી દૂર કેમ ન કરવા તે અંગેના આધાર પુરાવા સહિતનો લેખિત ખુલાસો કારણદર્શક નોટિસ રજૂ કરવામાં જણાવ્યું હતું. જેની સુનાવણી તા.1/5/2025ના રોજ રાખવામાં આવી હતી. સુનાવણીમાં તેણે બંને કેસોનો કાયમ માટે નિકાલ થઈ ગયો હોય અને ગુનાનું કામ બંધ કરી દીધું હોવાનું જણાવ્યુ હતું. બંને પક્ષોનીઓ દલીલોને લક્ષમાં લીધા બાદ બારડોલી ગ્રામ્ય પોલીસ સ્ટેશનના તા.22/10/2024 અને તા.29/10/2024ના તપાસ અહેવાલ ધ્યાને લેતા બંને ગુનાઓમાં તેણે કોર્ટ સમક્ષ ગુનાની કબૂલાત કરી હતી. જેથી તે વારંવાર ગુના કરવાની અને અસામાજિક પ્રવૃત્તિ કરવા ટેવાયેલા હોવાનું જણાતા તેમનું શરમજનક કૃત્ય સાબિત થયું હતું. આથી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મંગાભાઈ ઠાકોરભાઈ હળપતિને વોર્ડ નંબર 6ના સભ્ય પદેથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉછરેલ મોરી ગામના વોર્ડ નંબર 5ના સભ્ય પ્રવીણભાઈ ભાણાભાઈ રાઠોડને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા. જો કે તેમની હરકત ચાલુ જ રહેતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા 5 વર્ષ માટે ચૂંટણી લડવા માટે પણ ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. આમ હવે ઉછરેલ મોરી ગ્રામ પંચાયતના બે સભ્યો સસ્પેન્ડ થતાં બે બેઠક ખાલી પડી છે.

# વાલોડમાં લગ્નમાં નાચવાની બબાલમાં વધુ બે વિરુદ્ધ ગુનો, એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ



**અગાઉ** બંને પક્ષે કુલ ૧૭ વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો

વ્યારાઃ વાલોડના વાડી ફળિયામાં તા.૯મી મેની રાત્રે સમાચારી ફળિયાના કેટલાક યુવકો લગ્નપ્રસંગે નાચવા ગયા હતા. ત્યાં નાચવા બાબતે વાડી ફળિયાના યુવકો સાથે તેમની બોલાચાલી થતાં બીજા દિવસે તા.૧૦મી મેના રોજ વાડી ફળિયામાં બંને પક્ષ વચ્ચે સામસામે મારામારી થઈ હતી. ત્યાર બાદ બંને જૂથ વિરુદ્ધ સામ સામે ફરિયાદ થઈ હતી. વાડી ફળિયાના મયંક હળપતિએ ૮ વ્યક્તિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેમાં કાયદાના સંઘર્ષમાં આવતો કિશોરનો પણ સમાવેશ કરાયો હતો. સમાચારી ફળિયાના ધનસુખ રાઠોડે ૯ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. આમ બંને પક્ષે અગાઉ કુલ ૧૭ વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જો કે, ગત રોજ રાત્રિના અરસામાં બે આરોપીનાં નામોની ફરિયાદમાંથી બાદબાકી કરાતાં વાડી ફળિયાની મહિલાઓ મોટી સંખ્યામાં પોલીસમથકે પહોંચી હતી. પણ ન્યાય ન મળતાં અંતે પોલીસમથકે હલ્લો બોલાવતાં વ્યારા ડીવાયએસપી કચેરીએ પડાવ નાંખ્યો હતો. ફરિયાદમાં તા.૧૨મી મેના રોજ મોડી રાત્રે અન્ય બે આરોપીનાં નામ સાથે એટ્રોસિટીની કલમો ઉમેરાતાં મામલો થાળે પડ્યો હતો. વિડીયો-સીસીટીવી ફૂટેજમાં આવેલાં વધુ ૨ ઈસમનાં નામો નોંધવા પોલીસ પર દોષારોપણ કરી ટોળાએ દબાણ બનાવ્યું હતું. તા.૧૦મી મેના રોજની ફરિયાદમાં આ નામો ન લખાવા બાબતે ફરિયાદીએ પૂરેપૂરા ભાનમાં નહીં હોવાનું જણાવ્યું હતું. આખરે વધુ ૨ આરોપીનાં નામ ઉમેરવા રજૂઆતો થઈ, જેમાં ૧૫થી વધુ લોકોના જવાબો લઈ સિકંદર શેખ અને બંટી ગામીત વિરુદ્ધ ગુનો નોંધી એટ્રોસિટી સહિતની કલમો ઉમેરાઈ હતી.

**સોશિયલ મીડિયા પર આક્ષેપ ભારે પડ્યા**

# કડોદરાના સરપંચે માફી માંગી, DDOએ નોટિસ દફતરે કરીને ચેતવણી આપી

**જિલ્લા** પંચાયત દ્વારા પંચાયતમાં કાર્યોની સંમતિમાં ઘણો જ વિલંબ થતાં સરપંચ નારાજ થયા હતા

ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયતમાં ભ્રષ્ટાચાર વગર કામ થતું ન હોવાના કડોદરા ગ્રામ પંચાયતના સરપંચ યોગેશસિંહ આર. ગોહિલ દ્વારા સોશિયલ મીડિયા મારફતે આક્ષેપો બાદ શરૂ થયેલી કાર્યવાહીનો જિલ્લા વિકાસ અધિકારીએ અંત આણ્યો છે. સરપંચ દ્વારા બે વખત માફી માંગવામાં આવતાં અને ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની બાંયધરી આપતાં પંચાયત અધિનિયમ હેઠળ તાકીદ કરી છે.

વાગરાના કડોદરા ગામના સરપંચ યોગેશસિંહ ગોહિલે તા-15મી જૂન, 2024ના રોજ સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ કર્યો હતો. જેના આધાર બનાવી તેમણે જિલ્લા પંચાયત ભરૂચમાં ભ્રષ્ટાચાર વગર કોઈ કામ થતું ન હોવાનો અને આ કારણે કડોદરા ગામે કંપની દ્વારા કોમ્પ્યુટર લેબ બનાવવા માટેની પરવાનગીમાં વિલંબ થતો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે દૈનિક અખબારોમાં પણ જાહેરાત આપી જિલ્લા પંચાયતને બદનામ કરવાનો અને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હોવાનું જિલ્લા પંચાયતના ધ્યાને આવ્યું હતું. આ બાબતે જિલ્લા પંચાયત દ્વારા તા.24 જૂન, 2024ના રોજ સરપંચને ગુજરાત પંચાયત અધિનિયમ-1993ની કલમ 57(1) હેઠળ કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો હતો.

સરપંચ યોગેશસિંહ ગોહિલે તા-2જી જુલાઈ, 2024ના રોજ પોતાનો લેખિત ખુલાસો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, તેઓ 20 જાન્યુઆરી, 2022થી સરપંચ તરીકે કાર્યરત છે અને તેમની સામે કોઈ ભ્રષ્ટાચાર કે ગેરરીતિના આક્ષેપો નથી. ગામના શૈક્ષણિક વિકાસ માટે કંપની દ્વારા કોમ્પ્યુટર લેબ બનાવવાના ઉમદા હેતુસર મંજૂરી માંગવામાં આવી હતી, જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા અસહ્ય વિલંબ કરાયો હતો. વારંવાર રજૂઆત છતાં સહકાર ન મળતાં તેમણે આક્રોશ સોશિયલ મીડિયા મારફત ઠાલવ્યો હતો.

ત્યારબાદ તા.22મી જુલાઈ, 2024ના રોજ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી રાખવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરપંચે માફીપત્ર આપવા અને ભવિષ્યમાં આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તેનું ધ્યાન રાખવા જણાવવામાં આવ્યું હતું. સરપંચ યોગેશસિંહ ગોહિલે તા-16 જૂન, 2024 અને 22 જુલાઈ, 2024ના રોજ બે માફી પત્રો રજૂ કર્યા હતા.

જેને લઈને ડીડીઓ યોગેશ કાપસેએ તા.3જી એપ્રિલ, 2025ના રોજ હુકમ કર્યો હતો. હુકમમાં નોંધવામાં આવ્યું હતું કે, સરપંચ દ્વારા કોઈ નાણાકીય ઉચાપત કે પંચાયતને આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી. પરંતુ કાયદેસરની આજ્ઞાનું પાલન કરવામાં ચૂક થઈ છે. સરપંચે લેખિતમાં માફી માંગી અને ભવિષ્યમાં ચૂક ન કરવા બાંયધરી આપી હોવાથી ગુજરાત પંચાયત અધિનિયમ-1993ની કલમ 57(1)ની જોગવાઈઓને પૂરતું સમર્થન મળતું નથી.

આથી ન્યાયના વિશાળ હિતમાં અને ગુણદોષને ધ્યાને લેતાં સરપંચ યોગેશસિંહ ગોહિલને અપાયેલી કારણદર્શક નોટિસને દફતરે કરી, ભવિષ્યમાં આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તે માટે તાકીદ આપવામાં આવી હતી.

## અંકલેશ્વર રેલવે સ્ટેશને ચોરોને મજા, ધક્કામુક્કીમાં મુસાફરના રોકડા સેરવી લીધા

ભરૂચઃ મુંબઈ પાલઘરના તેલવા અમરીશ છોટેલાલ રાજપૂત બંગડી સહિતના સામાનનો વેપાર કરે છે. તા.11મી મેના રોજ બોઈસરથી અવધ એક્સપ્રેસમાં બેસીને તેમના વતન કાનપુર જવા માટે નીકળ્યા હતા. રાત્રે અઢી વાગ્યે અંકલેશ્વર રેલવે સ્ટેશનમાં વધારે ભીડમાં ધક્કામુક્કીમાં તેમના પેટનાં ખિસ્સામાંથી રૂ.1800 રોકડા કોઈ અજાણ્યા ઈસમે કાઢી લઈને ભાગી ગયો હતો. ત્યારે ચોરો રેલવે સ્ટેશન પર મુસાફરોને નિશાન બનાવી રહ્યા છે, ચોરીને પગલે ભરૂચ રેલ્વે પોલીસમાં ચોરીનો ગુનો નોંધાવ્યો હતો.

## અંકલેશ્વરમાં સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ, હેલ્મેટ વિનાના દંડાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં પોલીસ દ્વારા વાહન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી, જેમાં હેલ્મેટ ન પહેરનાર ટુ વ્હીલર ચાલકો અને કાર પર બ્લેક ફિલ્મ લગાવનાર ચાલકો પાસેથી દંડની વસૂલાત કરવામાં આવી હતી. અંકલેશ્વરના કાપોદ્રા પાટીયા કોસમડી અને ભડકોદ્રા સહિતના વિસ્તારોમાં પોલીસ દ્વારા સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં હેલ્મેટ આવ્યો હતો તો સાથે જ કાર પર બ્લેક ફિલ્મ ત્યારે સરકાર દ્વારા હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે અંકલેશ્વરમાં પોલીસ દ્વારા તબક્કાવાર વાહન ચેકિંગ કરવામાં આવી હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## કડોદ વિભાગ સેવા સહકારી મંડળીની વાર્ષિક સામાન્ય સભા મળી

કડોદઃ કડોદ વિભાગ સેવા સહકારી ૬૬મી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ બાલુભાઈ પ્રજાપતિના અધ્યક્ષ પદે દંતાઈ માતાના મંદિર,કડોદ ખાતે મળી હતી, જેમાં એજન્ડા પરનાં તમામ કામોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ સભાને સંબોધતા સંસ્થાના મંત્રી કિરણભાઈ પટેલે સંસ્થાનો ગત વર્ષનો હિસાબ અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતર, દિવેલી લીંબોળી ખોળ, જંતુનાશક દવા તથા જીવનજરૂરી ચીજવસ્તુઓનું રૂ.૧૨,૩૪,૭૫,૬૨૩નું કુલ વેચાણ થયું છે. સંસ્થાના પ્રમુખ બાલુભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, સભાસદોએ વર્ષ દરમિયાન જે ખરીદી કરી છે તેમાં રાસાયણિક ખાતર પર ૬.૫ ટકા, દિવેલી લીંબોળી ખોળ પર ૨ ટકા તથા જંતુનાશક દવા પર ૩ ટકા રીબેટ આપવામાં આવશે તેમજ તમામ સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડ આપવામાં આવશે. જેને સભાસદોએ તાળીના ગડગડાટ સાથે વધાવી હતી. સભાનું સંચાલન ઇનચાર્જ મેનેજર નરેશભાઈ સી.પટેલે કર્યું હતું.

## ઝઘડિયાની સગીરાને ભગાડી જનાર યુવક સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો

ઝઘડિયાઃ ઝઘડિયા તાલુકામાં એક ગામમાં રહેતી 16 વર્ષની સગીરાને તા.8મી મે,એ યુવક યુવરાજ વસાવા (રહે., ઢુંઢા, તા. ઝઘડિયા) ફોસલાવીને ભગાડી ગયો હતો. સગીરા તેના ઘરે ન મળતાં પરિવારે તેની શોધખોળ કરી છતાં મળી ન હતી. જેથી પરિજનોને યુવરાજ વસાવા ભગાડી ગયો હોવાની ખાત્રી થતાં સગીરાની માતાએ ઉમલ્લા પોલીસમથકમાં ફરિયાદ આપતા યુવરાજ વસાવા સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સોનગઢના સીંગપુરમાં ઝઘડો કરતા હતા બે યુવક અને ઢીબી નાંખ્યો ત્રીજાને

વ્યારાઃ સોનગઢનાં સીંગપુર ગામે નિશાળ ફળિયામાં રહેતા શંકરભાઇ રૂવાજીભાઈ કોટવાળીયાનાં ઘર સામે તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ સાંજે રમેશભાઈ વિરજીભાઇ ગામીત, ઓગારભાઇ બાબલાભાઇ ગામીત (બંને રહે., સિંગપુર નિશાળ ફળિયું, તા.સોનગઢ, જિ.તાપી) કોઇ બાબતે ઝઘડો કરતાં હતા. તેઓએ બન્નેને “શું કામ તમે ઝઘડો કરો છો” તેમ કહેવા જતાં શંકરભાઇ કોટવાળિયાને “તું અમને કહેવાવાળો કોણ” કહી ઢોર માર માર્યો હતો. જેમાં શંકરનાં બન્ને હાથ છાતી તથા પીઠના ભાગે ઇજા થઈ હતી. બીજી વાર વચ્ચે પડશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા આ મામલે બંને વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

## જંબુસરના ગામવાડી વિસ્તારમાં ગટરો ઊભરાવાની સમસ્યાથી લોકો ત્રાહિમામ્



ભરૂચઃ જંબુસરના ગામવાડીમાં ઘણા સમયથી ગટરો ઉભરાવવાનો સિલસિલો યથાવત છે. પાલિકા તંત્રને રહિશો દ્વારા વારંવાર રજૂઆત છતાં આ પ્રશ્નનું નિરાકરણ આવતું નથી. જેને લઈ વાઘેલા સમાજના રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. જંબુસર નગરપાલિકાનું તંત્ર ખાડે ગયું હોય તેમ જનતાની સમસ્યાનું નિરાકરણ આવતું નથી. નગરને મીઠા પાણીનો પ્રશ્ન, ગટરો ઉભરાવાના પ્રશ્ન, સાફ-સફાઈનો પ્રશ્ન સહિતની વિવિધ સમસ્યાઓ ઘણા સમયથી હોવા છતાંય પાલિકા તંત્રના પેટનું પાણી હાલતું નથી. જંબુસર નગરના ગામવાડી વિસ્તાર જ્યાં વાઘેલા સમાજના રહીશો વસવાટ કરે છે. જ્યાં વખતો વખત ગટરો ઉભરાઈ જવાના અને ખડકીમાં ગટરના ગંદા પાણી રેલાતા ખૂબ જ દુર્ગંધ મારે છે. જેને લઈ સ્થાનિક રહીશો હેરાન પરેશાન છે. ત્યારે મંગળવારના રોજ ગામવાડીમાં ઉભરાતી ગટરનો પ્રશ્ન અગાઉથી નગરપાલિકા તંત્રને સાફ કરવા જાણ કરી હતી. પરંતુ કોઈપણ નિરાકરણ આવ્યું ન હતું. જેના કારણે આજે સવારે ગટરો ઉભરાતા સ્થાનિકો હેરાન પરેશાન થઈ ગયા હતા. ત્યારે વહેલી તકે ગટર સમસ્યાનો ઉકેલ આવે તેમ રહીશો ઈચ્છી રહ્યા છે.

## બાબેનની વશિષ્ઠ જીનેસિસ સ્કૂલનું સીબીએસસી બોર્ડનું 100 ટકા પરિણામ

બારડોલી : સીબીએસસી બોર્ડ દ્વારા ધો.12નું પરિણામ જાહેર થયું હતું, જેમાં બારડોલીના બાબેન ખાતે આવેલી વશિષ્ઠ જીનેસિસ સ્કૂલ અંગ્રેજી માધ્યમનું પરિણામ 100 ટકા આવ્યું હતું. શાળાના 108 વિદ્યાર્થીઓમાંથી 8 વિદ્યાર્થી 90 ટકાથી વધુ ટકા સાથે ઉત્તીર્ણ થયા હતા. જ્યારે ચાર વિદ્યાર્થીએ ઇન્ફોર્મેટિવ પ્રેક્ટિસ વિષયમાં 100માંથી 100 ગુણ પ્રાપ્ત કર્યા હતા. આ સાથે વિજ્ઞાન પ્રવાહમાં આર્ય રાઠોડ 95.80 ટકા સાથે શાળાના પ્રથમ ક્રમે, જ્યારે તરન ઔરેસંગ 95 ટકા સાથે દ્વિતીય ક્રમે અને યુગ પટેલ 94.80 ટકા સાથે તૃતીય ક્રમે પાસ થયા હતા. સામાન્ય પ્રવાહમાં હર્ષ પટેલ 93.20 ટકા સાથે પ્રથમ, કાવ્યા શાહ 93 ટકા સાથે દ્વિતીય અને અલીના પટેલ 91 ટકા સાથે તૃતીય ક્રમે પાસ થઈ હતી. પાસ થનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ચેરમેન રમણીકભાઈ ડાવરિયા, ડાયરેક્ટર વિજયભાઈ ડાવરિયા અને રવિભાઈ ડાવરિયા તેમજ એડ્વાઇઝર ડો.એ.કે. ગૌર અને આચાર્ય ડો. ગૌતમ ગુહાએ અભિનંદન પાઠવ્યાં હતાં.

## તમારું શરીર સારું નહીં રહે તો પરિવાર અને સમાજ માટે બોજ બની જશોઃ પદ્મદર્શનવિજયજી



વિનોદ મૈસુરીયા

વાંકલઃ ઝંખવાવ જૈન સંઘમાં પધારેલા પૂ.પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે પ્રવચન પ્રસાદી પાઠવતાં કહ્યું હતું કે, શરીરનું આરોગ્ય સારું હોય તો ધર્મ સારી રીતે થઈ શકે છે. તન સ્વસ્થ હશે તો મન પ્રસન્ન રહેશે. આજે માણસ શરીરમાં ગમે તેવો કચરો નાંખીને શરીરને બગાડી રહ્યો છે. ઘરનું બનાવેલું ભાવતું નથી અને હોટલો અને લારીઓ વિના ફાવતું નથી. બહારના ભોજનો કેવાં છે તે બધાને ખબર છે પણ એક ટ્રેન્ડ ચાલ્યો છે. ઘરની પાણીપુરી કે પાઉંભાજીમાં સ્વાદ નથી આવતો, પણ લારી ઉપરના પાણીપુરી અને પાઉંભાજી મસ્તીથી માણસ ખાઈ રહ્યો છે. એસિડીટી અને અલ્સર જેવા રોગો બહારની ખાણીપીણીથી થાય છે એ બધાને ખબર છે. છતાં ટેસડા છૂટતા નથી. શરીર સારું નહીં રહે તો પરિવાર અને સમાજ માટે બોજારૂપ બની જશો. આરોગ્ય સારું હશે તો સર્વક્ષેત્રે તમારું યોગદાન આપી શકશો. આરોગ્ય સારું રાખવા માટે જીભ ઉપર નિયંત્રણ મૂકવું પડશે. હમણાં હમણાં ઘણાંની લાઈફ સ્ટાઈલ બેઠાડુ બની ગઈ છે.